અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત
જનજાતિના ઇસમો પર થતા
અત્યાચાર સામે આપવામાં આવતી
નાણાંકીય સહાયમાં સ્પષ્ટતા કરવા
બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૧૦/૮૯૯૮૭૨/હ
સચિવાલય, ગાંધીનગર

તા: **24/02/2014**

<u>વંચાણમાં લીધા:</u>

૧) અનુસૂચિત જાતિ/જનજાતિ(અત્યાચાર નિવારણ) અધિનિયમ,૧૯૮૯.

૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:એમબીસી/૧૦૮૧/આઇ-૧૧૩૪/૧૪૦/જ, તા:૧૬/૧૦/૧૯૮૨.

૩) ભારત સરકાર કલ્યાણ મંત્રાલયના જાહેરનામા ક્ર:જીએસઆર/૩૧૬/ઇ, તા.૩૧/૩/૧૯૯૫

૪) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:હસલ/૧૦૯૪/આઇ-૨૪/હ,તા:૧૮/૧૧/૧૯૯૫.

## <u>પરિપત્ર:</u>

ઉપર્યુકત વંચાણમાં લીધેલ ક્રમ-૨ ઉપરના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:એમબીસી/૧૦૮૧/આઇ-૧૧૩૪/૧૪૦/જ, તા:૧૬/૧૦/૧૯૮૨થી અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના ઇસમો પર થતા અત્યાચાર સામે સહાય આપવાનો પદ્ધતિ નિયત કરી તે મુજબ સહાય આપવાનું ઠરાવવામાં આવેલ. ત્યારબાદ વંચાણમાં લીધેલ ક્રમ-૩ ઉપરના ભારત સરકાર કલ્યાણ મંત્રાલયના જાહેરનામા ક્ર:જીએસઆર/૩૧૬/ઇ, તા.૩૧/૩/૧૯૯૫ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરનામાથી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ (અત્યાચાર નિવારણ) નિયમો, ૧૯૯૫ અમલમાં આવતાં સદરહુ નિયમોના નિયમ-૧૨.૪ થી "અત્યાચારનો ભોગ બનેલી વ્યક્તિઓ, તેમના પરિવારના સભ્યો અને તેમની આશ્રિત વ્યક્તિઓને સહાય આપવાનું નિયત કરવામાં આવેલ હતું આ સંદર્ભે ક્રમ-૪ ઉપરના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:હસલ/૧૦૯૪/આઇ-૨૪/હ, તા:૧૮/૧૧/૧૯૯૫ ના જોડાણ-૧ મુજબ રાહતની રકમ માટેના ધોરણો નિયત કરવામાં આવેલ છે.

૨. આ બાબતમાં અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ,૧૯૮૯ ના પ્રકરણ:૨ ની કલમ-૩.૧માં અત્યાચારની પરિભાષા " અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય તેવી કોઇ વ્યક્તિ" નક્કી કરવામાં આવી છે.

....૨....

૩. ઉપર વંચાણમાં લીધેલ ક્રમ-૨ ઉપરના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૬/૧૦/૧૯૮૨ના ઠરાવ ક્રઃએમબીસી/૧૦૮૧/આલ/૧૩૪/(૧૪૦)/જ માં ઉલ્લેખ છે કે, '' આ નાણાકીય સહાય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઇસમોને પોતાની જ જાતિ વચ્ચેના અંદરોઅંદરના અથડામણના બનાવોમાંથી નુક્શાન થાય તો તેને મળવાપાત્ર થશે નહી" સદરહુ જોગવાઇમાં અંદરોઅંદરની અથડામણના કેસોનો અર્થ એવો છે કે, જે ગુનામાં બધા આરોપીઓ અનુસૂચિત જાતિ/જનજાતિઓના હોય અને ભોગ બનનાર પણ અનુસૂચિત જાતિ/જનજાતિના હોય તેવા કેસોમાં અંદરોઅંદરની અથડામણ ગણી સહાય ચુકવવાની રહેતી નથી.

૪. અત્રે જણાવવામાં આવે છે કે, અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ,૧૯૮૯ ના પ્રકરણ:૨ કલમ-૩(૧) ની જોગવાઈ મુજબ '' અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય તેવી કોઇ વ્યક્તિ'' નો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે ધ્યાને લઇ નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.

> '' અનુસૂચિત જાતિ/જનજાતિઓ પરના અત્યાચારના ગુનામાં સંડોવાયેલા આરોપીઓ પૈકી કેટલાક આરોપીઓ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય તેવી કોઇ વ્યક્તિ હોય તો આવા કિસ્સાઓમાં આ બનાવો/ગુનાઓ અંદરોઅંદરની અથડામણ નહીં ગણતા તા:૧૮/૧૧/૧૯૯૫ ના ઠરાવથી નિયત થયેલ દરો મુજબ નાણાકિય સહાય આપવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. "

૫. આ સૂચનાઓનો ચુસ્ત પણે અમલ કરવા આથી સંબંધિત સર્વેને જણાવવામાં આવે છે.

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર ગૃહ વિભાગની તા: ૧૭/૦૨/૨૦૧૪ ની નોંધ તથા કાયદા વિભાગની તા: ૧૮/૦૨/૨૦૧૪ ની નોંધથી મળેલ સંમતિથી આ સ્પષ્ટીકરણ પરિપત્રિત કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જમાલુદ્દીન એ. સૈયદ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી ( સા.ન્યાય અને અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી( સા.શૈ.પ.વ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા, સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

....૩.....

- સચિવાલયના તમામ વહીવટી વિભાગો
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, સચિવાલય, ગાંધીનગર.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓ/બોર્ડ/નિગમો
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓ
- સર્વે મદદનીશ કલેકટરશ્રી/ નાયબ કલેકટરશ્રી.
- સર્વે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( પંચાયત)
- સર્વે મામલતદારશ્રીઓ
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- સિલેક્ટ ફાઈલ